# FAMILY SERVICES INFORMATION

HENRY COUNTY SCHOOLS

## હેનરી કાઉન્ટીમાં આપનું સ્વાગત છે!

હેનરી કાઉન્ટી શાળાઓમાં નવા કુટુંબ તરીકે ઓનલાઈન નોંધણી મેળવવા માટે, નીચેના પગલાંઓ અનુસરો. ઑનલાઇન નોંધણી પ્રક્રિયા શરૂ કરતા પહેલા, કૃપા કરીને દરેક વિદ્યાર્થી માટે નોંધણી દસ્તાવેજો એકત્રિત કરો:

- નોંધણી કરાવનાર માતાપિતા/વાલીઓ માટે ફોટો ઓળખ
- દરેક વિદ્યાર્થી માટે જન્મ પ્રમાણપત્ર
- રહેઠાણનો પુરાવો (દસ્તાવેજ માતાપિતા/વાલીના નામની નોંધણીને પ્રતિબિંબિત કરતું હોવું જોઈએ)
  - લીઝ અથવા પ્રોપર્ટી ટેક્સ સ્ટેટમેન્ટ અને
  - વર્તમાન ઉપયોગિતા બિલ અથવા સેવાનો પત્ર (ગેસ, ઇલેક્ટ્રિક, પાણી, સ્વચ્છતા અથવા કેબલ)
  - જો ઉપરોક્ત દસ્તાવેજો પ્રદાન કરી શકાતા નથી, તો રહેઠાણનું એફિડેવિટ મેળવવું આવશ્યક છે (૭૭૦-૯૫૭-૩૯૪૫ પર કૉલ કરો અથવા એફિડેવિટની માહિતી માટે એચ.સી.એસ (HCS) સ્વાગત કેન્દ્રની મુલાકાત લો)
- દરેક વિદ્યાર્થી માટે જ્યોર્જિયા દ્રષ્ટિ/શ્રવણ/દંત્ય/પોષણ ફોર્મ ૩૩૦૦
- દરેક વિદ્યાર્થી માટે જ્યોર્જિયા ઇમ્યુનાઇઝેશન (રસીકરણ) ફોર્મ ૩૨૩૧
- વાલીપણું અથવા કસ્ટડી કાગળ, જો લાગુ હોય તો
- વૈકલ્પિક: સામાજિક સુરક્ષા કાર્ડ/નંબર

| | |
|---|---|
| નોંધણી લિંક હેનરી કાઉન્ટી સ્કૂલના હોમપેજ પર નેવિગેશન બાર પર સ્થિત છે (https://schoolwires.henry.k12.ga.us//Domain/1). |  |
| વિકલ્પોનું મેનૂ (menu of options) જોવા માટે "REGISTRATION" (નોંધણી) પર તમારા માઉસનું કર્સર રાખો. "New Student" (નવા વિદ્યાર્થી) પર ક્લિક કરો. |  |

HENRY COUNTY SCHOOLS

# FAMILY SERVICES INFORMATION

| | |
|---|---|
| નવા વિદ્યાર્થી નોંધણી (“New Student Registration”) વિભાગમાં પૃષ્ઠને નીચે સ્ક્રોલ કરો/જાઓ અને “Expand All” (બધાને વિસ્તૃત કરો) પર ક્લિક કરો.<br><br>“નવી વિદ્યાર્થી પ્રક્રિયા પૂર્ણ કરવાના પગલાં” ના પગલા ૧ માં, નવા કુટુંબ નોંધણી (New Family Registration Page) પૃષ્ઠની લિંકને અનુસરો (“અહીં ક્લિક કરો”). |  |
| ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્લેટફોર્મ માટે એક નવી વિન્ડો ખુલશે.<br><br>ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે સ્ટેપ્સ/પગલાંઓ અનુસરો.<br><br>એક પુષ્ટિકરણ ઇમેઇલ પ્રદાન કરેલ ઇમેઇલ સરનામાં પર જશે. આ ઇમેઇલમાં એક લિંક છે જે માતાપિતાને અરજી દાખલ કરવા અને બહાર નીકળવાની મંજૂરી આપશે જ્યાં સુધી માતાપિતા પૂર્ણ થયેલ ઑનલાઇન નોંધણી અરજી સબમિટ ન કરે.<br><br>પ્રક્રિયામાં ઘણા વિભાગો છે અને ઘરના તમામ નવા વિદ્યાર્થીઓને એક અરજી પર ઉમેરવા જોઈએ. ૫-અંકનો એપ્લિકેશન નંબર આપવામાં આવશે; જો જરૂરી હોય તો પાછળથી સંદર્ભ લેવા માટે આ નંબર લખો.<br><br>જ્યારે તમારી અરજી પૂર્ણ થઈ જાય અને તમે તેને સબમિટ કરી (મોકલવું) દો, ત્યારે અરજી યોગ્ય શાળાની કતારમાં જશે. શાળા સ્ટાફ તમારો સંપર્ક કરશે જો અન્ય કંઈપણની જરૂર હોય, તો તમે અરજી પ્રક્રિયા દરમિયાન આપેલા ઈમેલ એડ્રેસને મોનિટર કરવાની ખાતરી કરો. |  |